# ઉત્તરાખંડમાં ૧૫ હજાર શ્રદ્ધાળુ હજુ અટવાયા

દહેરાદૂન,તા. ૨૪

ઉત્તરાખંડમાં હિમાલિયન સુનામી બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હજુ પણ ચાલી રહી છે. પરંતુ વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવના કારણે આવી છે. ખરાબ હવામાનના કારણે હેલિકોપ્ટર સેવા રોકવાની ફરજ પડી છે. નાના હેલિકોપ્ટરની સેવા જ લેવાઈ રહી છે. બદ્રિનાથ, પંડુકેશ્વર અને લંબાગરમાંથી ૧૩૮ શ્રદ્ધાળુઓ જ કાઢી શકાયા છે. રૂદ્રપ્રયાગ અને આંકડો ૧૦૦૦થી ઉપર પહોંચી જશે. આ કુદરતી લોકોને હોનારતમાં મોતનો આંકડો ૫૦૦૦થી વધારે હોવાનો ભય હવે વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ઉત્તરાખંડના કુદરતી આપત્તિ વ્યવસ્થા પ્રધાન યશપાલ ૪૭૦૦ અને રાજસ્થાનના ૮૮૪ શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય જુદા જુદા રાજ્યોના શ્રદ્ધાળુઓ પણ જુદી જુદી વ્યવસ્થાઓ મારફતે પોતાના વતન રાજ્યમાં પહોંચે છે. ૧૫૦૦૦ કેદારનાથ ખીણમાં ફસાયેલા તમામ લોકોને સુરક્ષિત ખસેડી લેવાયા છે. રહી રહીને વરસાદ પડી રહ્યો છે જેથી બચાવ કામગીરી આડે અચડણો આવી રહી છે. હવામાન વિભાગે કહ્યું છે કે સ્થિતિ હજુ પણ ખરાબ બની બદ્રીનાથ સહિત ત્રણ વિસ્તારમાં ફસાયેલા ૧૫,૦૦૦થી વધુ લોકોને બચાવવા માટે યુદ્ધ સ્તરે કામગીરી હાથ ધરી છે. ખરાબ હવામાનના કારણે હવાઈ કામગીરીને પણ થોડાક સુધી ૭૦૦ આંકવામાં આવ્યો છે. અલબત્ત મુખ્યપ્રધાન વિજય બહુગુણા કહીં ચૂક્યા છે કે મોતનો આંકડો ૧૦૦૦થી વધારે હોઈ શકે છે. આર્યએ કહ્યું હતું કે મોતના આવ્યા છે. ૧૫૦૦૦ લોકો ફસાયેલા છે. ભારતીય હવાઈદળના અભ્યાણમાં ૪૫ હેલિકોપ્ટરોએ પોતાની ૨૫૦થી વધુ ઉડાણમાં ૩૨૦૦ લોકોને બહાર કાઢ્યા છે.

બચાવ અને રાહતકામગીરી આડે અડચણો આવી રહી છે. ભેખડો ધસી પડવાના બનાવ સતત વધી રહ્યા છે. ૧૫ હજાર લોકો હજુ પણ અટવાયેલા છે જેથી તંત્રની ચિંતા યથાવત રહી છે. એકપક્ષીય રીતે બચાવ કામગીરી હાથ ન ધરવા અન્ય રાજ્યોને સ્પષ્ટ સૂચના આપવામાં બદ્રિનાથ હાઈવેપર નવેસરથી ભેખડો ધસી પડવાના બનાવ બન્યા છે. મોતનો આંકડો ૫૦૦૦ હોવાની વાત ઉત્તરાખંડના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રધાન યશપાર આર્ય કરી ચુક્યા છે. બીજી બાજુ દિલ્હીમાં ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદે કહી ચુક્યા છે કે કાટમાળ ખસેડ્યા બાદ મોતનો આર્ય દ્વારા આ મુજબની દહેશત વ્યક્ત કરવામાં આવી છે. હજુ પણ ૧૫૦૦૦થી વધુ લોકો જુદા જુદા વિસ્તારોમાં ફસાયેલા હોવાનું જાણવા મળી રહ્યું છે. જુદા જુદા રાજ્યોમાંથી પહોંચેલા શ્રદ્ધાળુઓ તેમના વતન પરત ફર્યા છે જેમાં ઉત્તરાખંડમાં ફસાયેલા પંજાબના લોકોને બચાવવાની કામગીરી ચાલી રહી છે. બચાવ કામગીરી હજુ પણ ઘણા દિવસો સુધી ચાલે તેવી શક્યતા છે. પૂર અને ભેખડો ધસી પડવાના કરાણે સૌથી વધુ નુકસાન પામેલા શકે છે. વધુ વરસાદ પડી શકે છે. બચાવ કામગીરીમાં સામેલ તમામ સંસ્થાઓ, સેના, હવાઈદળ, આઈટીબીપી અને એનડીઆરએફના જવાનોએ સમય માટે રોકવામાં આવી હતી. કુદરતી હોનારત ગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કર્યા બાદ જોલી ગ્રાન્ટ વિમાની મથકે પત્રકારો સાથે વાતચીત કરતા પ્રધાન આર્યએ કહ્યું હતું કે કેદારનાથ ખીણમાં સૌથી વધારે નુકસાન થયું છે. આ હોનારતમાં ૫૦૦૦ જેટલા લોકો મર્યા હોવાની દહેશત વ્યક્ત કરી હતી. રાજ્યમાં સત્તાવાર રીતે મોતનો આંકડો હજુ આંકડા અંગે હાલમાં વાત કરવી ખૂબ વહેલી તકે હશે અને આંકડા અંગે કહી શકાય તેવી સ્થિતિ નથી. પરંતુ આશંકા છે કે આશરે ૫૦૦૦ લોકોના મોત થયા છે. બીજી બાજુ નવી દિલ્હીમાં અધિકારી નિલમ કપૂરે કહ્યું છે કે ૧૨૦૦૦થી વધુ લોકોને ગઈકાલે બચાવી લેવામાં આવ્યા બાદ હજુ સુધી ૮૦૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળો ઉપર મોકલી દેવામાં જુદા જુદા વિસ્તારોમાં જીવીત રહી ગયેલા લોકો અંગે માહિતી મેળવવા માનવ રહિત વિમાન નેત્રને જવાબદારી સોંપવામાંઆવી છે. એનડીઆરએફના અધિકારી એસ એસ ગુલેરિયાએ કહ્યું છે કે બચાવ કામગીરીમાં નેત્રની સેવા જારી રાખવામાં આવશે. લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે દોરડાના પુર અને અન્ય માર્ગોબનાવવામાંઆવી રહ્યા છે.

## ૫૦ ટન લાકડાની વ્યવસ્થા કરવામાં આવી

## ઉત્તરાખંડમાં પૂરના કારણે મૃત્યુ પામેલા લોકોના અંતિમ સંસ્કારની પ્રક્રિયા હાથ ધરાઈ

દહેરાદૂન,તા. ૨૪

ઉત્તરાખંડમાં પૂરના કારણે મૃત્યુ પામેલા મોટી સંખ્યામાં લોકોના અંતિમ સંસ્કાર માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આના માટે ઉત્તરાખંડના સત્તાવારાઓ દ્વારા ૫૦ ટન લાકડા અને મોટા પ્રમાણમાં ઘીની વ્યવસ્થા કરવાના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે. કેદારનાથ અને અન્ય વિસ્તારોમાં મૃત્યુપામેલા લોકોના હવે અંતિમ સંસ્કાર કરવામાં આવનાર છે. ગડવાલ વહીવટી તંત્રના અધિકારીઓએ ખુલ્લા બજારમાંથી ઘી, લાકડાની વ્યવસ્થા કરવા માટે રાજ્ય વન નિગમ અને અન્ય સંસ્થાઓને સૂચના આપી છે. રાજ્ય સરકારના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે હવામાન પરવાનગી આપી દીધા બાદ અમે કેદારનાથમાં સામુહિક અંતિમ સંસ્કારની પ્રક્રિયા હાથ ધરી રહ્યા છે. તમામ સંબંધિત સત્તાવારાઓને વ્યવસ્થા કરવા માટે કહેવામાં આવ્યું છે. અધિકારીઓએ એમ પણ કહ્યું છે કે અંતિમ સંસ્કારની મંદિર શહેરમાં શરૂઆત કરવામાં આવી છે. કારણ કે હાલ અંતિમ સંસ્કાર નહીં કરવાની સ્થિતિમાં મૃતદેહો ઝડપથી સડી જવાની શરૂઆત થશે. આવી સ્થિતિમાં વધુ ગંભીર ખતરો ઊભો થઈ શકે છે. મંદિર શહેરમાંથી હજારો લોકોને સુરક્ષિત બચાવી લેવાયા છે. હજુ ઘણા લોકોને સુરક્ષિત ખસેડવાની પ્રક્રિયા ચાલી રહી છે. ઘણી જગ્યાઓએ મૃતદેહો પડેલા છે આવી સ્થિતિમાં કોઈપણ ખતરાને ટાળવાના હેતુસર સામુહિક અંતિમ સંસ્કારની પ્રક્રિયા હવે હાથ ધરવામાં આવનાર છે.

## રાહુલ આખરે પૂરગ્રસ્ત ઉત્તરાખંડ પહોંચી ગયા

નવી દિલ્હી,તા. ૨૪

કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ ટિકા ટિપ્પણી થયા બાદ આજે આખરે ઉત્તરાખંડમાં પહોંચીને બચાવ કામગીરીની સમિક્ષા કરી હતી. આ પહાડી રાજ્યમાં વરસાદે ભારે તારાજી સર્જી છે. રાહુલ ગાંધી તરફથી ઉત્તરાખંડમાં હોનારત થયા બાદથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી.

જાહેરમાં દેખાયા પણ ન હતા જેથી વિરોધપક્ષો દ્વારા રાહુલ ગાંધીની ટિકા ટિપ્પણી કરવામાં આવી રહી હતી. રાહુલે આજે પક્ષ દ્વારા કરવામાં આવી રહેલી બચાવ કામગીરી પર નજર પણ રાખી હતી. આ અગાઉ રાહુલે તેમની માતા સોનિયા ગાંધી સાથે રાહત સામગ્રી લઈને જતી ટ્રકોને લીલીઝંડી આપી હતી. આ ટ્રકમાં ખાદ્યન્ન ચીજવસ્તુઓ, વસ્ત્રો, ધાબળાઓ છે. ગયા સપ્તાહમાં કોંગ્રેસે રાહુલગાંધીની ગેરહાજરી અંગે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી અને કહ્યુ હતુ કે વડાપ્રધાન મનમોહનસિંહ અને સોનિયા ગાંધી બચાવ અને રાહત કામગીરી પર નજર રાખી રહ્યા છે.વડાપ્રધાન મનમોહનસિંહ અને સોનિયા ગાંધી બુધવારના દિવસે ઉત્તરાખંડના પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરી ચુક્યા છે.

## ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

દહેરાદુન,તા. ૨૪

ઉત્તરાંખંડમાં બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે ત્યારે હવામાન વિભાગે ચિંતા વધારી દીધી છે. હવામાન વિભાગે કહ્યુ છે કે ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં આગામી ત્રણ દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે જેથી નવી સમસ્યા ઉભી થશે. એવી દહેશત પહેલાથી છે કે મોતનો આંકડો ૧૦૦૦થી ઉપર પહોંચી ચૂક્યો છે. તેની નવેસરની આગાહીમાં હવામાન વિભાગે કહ્યુ છે કે આગામી ૭૨ કલાક દરમિયાન ઉત્તરાખંડના ઘણા ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. જો કે હવામાન વિભાગના પ્રવક્તાએ કહ્યુ છે કે ૧૭મી જૂનના દિવસે કરવામાં આવેલી આગાહી મુજબ ભારે વરસાદ થશે નહીં. હવામાન ઓફીસે એમ પણ કહ્યુ છે કે પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, ઉત્તરકાંઠાના આંધ્રપ્રદેશ, કર્ણાટકના કાઠાના વિસ્તારોમાં ઘણી જગ્યાઓએ ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. ગઈકાલ સુધી ઉત્તરાખંડમાં ૧૦૪.૨ મિમિના સામાન્ય વરસાદની સામે ૩૯૨ મિમિ વરસાદ થઈ ચુક્યો છે જે સામાન્ય કરતા ૨૭૫ ટકા વરસાદ વધારે છે. જ્યારે સમગ્ર દેશ માટે ગઈકાલ સુધી ૧૧૦.૮ મિમિના સામાન્ય વરસાદની સામે ૧૪૮.૨ મિમિ વરસાદ નોંધાઈ ચુક્યો છે જે સામાન્ય કરતા ૩૪ ટકા વરસાદ વધુ થયો છે.

## રણવીરની વર્તણૂંકથી નારાજ સોનાક્ષીએ સેટ છોડી દીધો

કોલકાતા,તા. ૨૪

'લુટેરા'નાં શુટીંગ દરમિયાન ફિલ્મની અભિનેત્રી સોનાક્ષી સિંહા પોતાના સહઅભિનેતા રણવીરસિંહની વર્તણુંકથી નારાજ થઈ ગઈ હતી. સોનાક્ષી એટલી નારાજ થઈ ગઈ કે ફિલ્મનો સેટ છોડીને બહાર જતી રહી. રણવીરે જણાવ્યું કે મારી સાથે પહેલા આવું ક્યારેય નથી થયું. એક દશ્યમાં મારે સોનાક્ષીનું કાંડુ પકડીને બુમો પાડીને ડાયલોગ બોલવાનો હતો કે તે જ પોલીસને બોલાવી છે. તે સમયે રણબીર ચરિત્રમાં એટલો ડુબી ગયો હતો કે જેટલી વાર એ ડાયલોગ બોલતો હતો એટલીવાર સોનાક્ષીનાં મો ઉપર તેનું થુંક પડતુ હતું. આ દશ્યનાં રિહર્લ્સલ વખતે ચેતવણી આપવા છતાં દબંગની અભિનેત્રી ગુસ્સામાં સેટ છોડીને જતી રહી હતી. સોનાક્ષીને મનાવવામાં ઘણો સમય લાગ્યો હતો. ત્યારબાદ ઘણાં લાંબા સમય પછી શુટીંગ શરૂ થઈ શક્યું હતું.

સોનાક્ષીનાં સ્ટાર આજકાલ ઘણાં પાવરફુલ છે. દબંગની આ હિરોઈનને એકપછી એક ઘણાં સારા બેનરની ફિલ્મો મળી રહી છે. 'વન્સ અપોન ટાઈમ ઈન મુંબઈ દોબારા'માં સોનાક્ષીની મહત્વપુર્ણ ભુમિકા છે. ફિલ્મનાં નિર્માતાએ વિવાદથી બચવા માટે ફિલ્મમાં સોનાક્ષીનાં પાત્રનું નામ બદલી નાખ્યું છે. મિલન લુથરિયાનાં નિર્દેશન હેઠળ બનનારી ફિલ્મમાં સોનાક્ષી પહેલા યાસ્મીનની ભુમિકા નીભાવી રહી હતી. જે શોયેબ નામના પાત્રની પ્રેમીકા છે. શોયેબની ભુમિકા અક્ષયકુમારે નિભાવી છે. ફિલ્મનાં નિર્માતાને એ બાબતની જાણ થઈ કે યાસ્મીન જોસેફ 'રામ તેરી ગંગા મૈલી'ની હિરોઈન મંદાકિનીનું અસલી નામ છે તેથી તુરંત જ નિર્દેશકે વિવાદ ટાળવા માટે સોનાક્ષીનાં પાત્રનું નામ યાસ્મીનમાંથી જાસ્મીન કરી દીધું. વન્સ અપોન...નું નિર્માણ એક્તા કપુરે કર્યું છે. જો કે નામ બદલાવની સાથે ફિલ્મનાં કેટલાક ભાગનું ફરીથી ડબિંગ કરવું પડશે.

# શ્રીનગરમાં સેનાના કાફલા ઉપર આતંકવાદી હુમલો

શ્રીનગર,તા. ૨૪

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓએ ફરી એકવાર સેનાના કાફલા પર હુમલો કર્યો હતો. આ હુમલામાં પાંચ જવાનો શહિદ થયા છે અને અન્ય છ જવાન ઘાયલ થયા છે. ત્રણ દિવસની અંદર બીજો મોટો હુમલો આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યો છે. આજે સાંજે ખાનગી હોસ્પિટલની બહાર એરપોર્ટ-લાલચોક રોડ પર હૈદરપુરા બાય પાસ ખાતે સેનાના કાફલા પર આતંકવાદીઓએ છુપો હુમલો કરી દીધો હતો. આતંકવાદીઓએ ફરી એકવાર તેમની હાજરી પૂરવાર કરી છે. વડાપ્રધાનની યાત્રાના કાર્યક્રમમાં કોઈ ફેરફાર કરાયો નથી. વડાપ્રધાન મનમોહનસિંહની હાઈપ્રોફાઈલ બે દિવસની જમ્મુ કાશ્મીર યાત્રા પહેલા આ હુમલો જ કરવામાં આવ્યો હતો. આવતીકાલથી વડાપ્રધાનની બે દિવસની યાત્રા શરૂ થઈ રહી છે. વડાપ્રધાનની યાત્રાને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ૨૫મી જૂનના દિવસે એટલે કે આવતીકાલે વડાપ્રધાન જમ્મુ કાશ્મીર પહોંચી રહ્યા છે. તેઓ બનીહાલ અને કાજીગુંદ વચ્ચે રેલવે સેકસનનું ઉદ્ઘાટન કરનાર છે. આજનો હુમલો યાત્રામાં ખલેલ પહોંચાડવાના હેતુસર કરાયો હોવાનું પણ જાણવા મળ્યુ છે. શ્રીનગરના બેમિના વિસ્તારમાં આ હુમલો સેનાના કાફલા પર કરવામાં આવ્યો હતો. સેનાના કાફલા પર માર્ગની બંને બાજુએથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. જાગૃત સેનાના જવાનોએ તરતજ મોરચા સંભાળી લીધા હતા અને જવાબી કાર્યવાહી હાથ ધરી હતી. કાફલા પર ડઝનથી વધુ રાઉન્ડ ગોળીબાર કરાયો હોવાનું જાણવા મળ્યુ છે. જમ્મુ કાશ્મીરમાં સક્રીય આતંકવાદી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીને આ હુમલા માટેની જવાબદારી સ્વીકારી છે. આતંકવાદીઓએ બે દિવસની અંદર બીજો હુમલો કર્યો છે.

ગયા સપ્તાહમાં જ શ્રીનગરમાં એક હુમલો કરાયો હતો જેમાં બે પોલીસ જવાનો માર્યા ગયા હતા. જમ્મુ કાશ્મીરમાં વારંવારના આતંકવાદી હુમલાના કારણે સુરક્ષાવ્યવસ્થા મજુબત કરી દેવામાં આવી છે. પોલીસ અને સીઆરપીએફને હાઈ એલર્ટ પર મુકી દેવામાં આવી છે. પોલીસ અને સીઆરપીએફના જવાનોએ ચાવીરૂપ સ્થળોએ ચેકપોઈન્ટ સ્થાપિત કર્યા છે. વાહનોની ચકાસણી પણ હાથ ધરાઈ છે. ગઈકાલે હરિસિંહ સ્ટ્રિટ વિસ્તારમાં ગોળીબાર કરાયો હતો જેમાં બે પોલીસ જવાનના મોત થયા હતા. મનમોહનસિંહની યાત્રાને સુરક્ષિતરીતે પાર પાડવાના હેતુસર શહેરના જુદા જુદા વિસ્તારોમાં સ્થાપિત સીસી ટીવીના ફોટાઓ પર નજર રાખવામાં આવી રહી છે.મનમોહનસિંહ આવતીકાલે કાજીગુંદ-બનિહાલ સેક્શનનુંઉદ્ઘટાન કરસે જેમાં ૧૧ કિલોમીટર લાંબી ગુફાનો સમાવેશ થાય છે. આનાથી આ અંતર ૩૫ કિલોમીટરથી ઘટીને ૧૮ કિલોમીટર થશે. આના પર ૧૬૯૧ કરોડનો ખર્ચ કરાયો છે. ટ્રાફિક વ્યવસ્થામાં પણ ફેરફાર કરાયો છે.

## બીસીસીઆઈ દરેક ખેલાડીને એક એક કરોડ રોકડ આપશે

નવી દિલ્હી,તા. ૨૪

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી જીતનાર ટીમઈન્ડિયાના દરેક ખેલાડીને એક એક કરોડ રૂપિયા રોકડ આપવાની જાહેરાત કરી છે. રવિવારના દિવસે ભારતે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ઈંગ્લેન્ડ પર રોમાંચક જીત મેળવી હતી. દરેક ખેલાડીને રોકડ રકમની સાથે સાથે સપોર્ટ સ્ટાફના દરેક સભ્યને ૩૦ - ૩૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. બીસીસીઆઈના સેક્રેટરીએ આજે આ મુજબની વાત કરી હતી. ગઈકાલે અતિ રોમાંચક અને વરસાદગ્રસ્ત ફાઈનલ મેચમાં ભારતે આખરે જીત મેળવી હતી. ભારતીય ટીમને આ જીત બદલ બે મિલિયનડોલર અથવા તો ૧૨ કરોડની રકમ મળી હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં ૧૨ વિકેટ લઈને ઓલ રાઉન્ડર દેખાવ કરનાર રવિન્દ્ર જાડેજાને ગોલ્ડન બોલનો એવોર્ડ અપાયો હતો જ્યારે બેટ્સમેન શિખર ધવનને ટુર્નામેન્ટનો શ્રેષ્ઠ ખેલાડી તરીકે જાહેર કરાયો હતો તેને ગોલ્ડન બેટનો એવોર્ડ અપાયો હતો. શિખર ધવનને ચેમ્પિયન્સ ટ્રોફીમાં ૩૬૩ રન બનાવ્યા હતા. ભારતીય ટીમે શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ બીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફી જીતવામાં સફળતા મેળવી છે. આ અગાઉ ભારતે શ્રીલંકાની સાથે મળીને સંયુક્તરીતે ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. ભારતની જીત સાથે જ ખુશીનું મોજુ ચાહકોમાં ફરી વળ્યુ હતુ. ટીમ ઈન્ડિયાએ વધુ એક ઈતિહાસ સર્જ્યો હતો. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને આગામી દિવસોમાં પણ મોટી ઓફરો મળે તેવી શક્યતા છે. શિખર ધવન અને રવિન્દ્ર જાડેજાની બોલબાલા હાલના દિવસોમાં વધી છે. શિખર ધવનને જાહેરાતમાં લેવા ઘણી કંપનીઓને ઓફર મુકી છે પરંતુ હજુ સુધી શિખર ધવને કોઈ ઓફર સ્વીકારી નથી.

## તાતા ગ્રુપમાં લીડરશીપના રોલમાં વધુ મહિલા જરૂરી

નવી દિલ્હી,તા. ૨૪

તાતા ગ્રુપના ચેરમેન સાયરસ મિસ્ત્રીએ કહ્યુ છે કે તાતા ગ્રુપમાં લીડરશીપની ભૂમિકામાં વધારે મહિલાઓની જરૂર છે. મહિલા વર્કરોની કુશળતાના મહત્વ પર ભાર મુકતા તાતા ગ્રુપના ચેરમેને કહ્યુ છે કે તાતા ગ્રુપની કંપનીઓમાં લીડરશીપની ભૂમિકામાં વધુ મહિલાઓ આગળ આવે તેમ અમે ઈચ્છીએ છીએ. પુરુષ અને મહિલાઓ વચ્ચે ભેદભાવ રહે તે યોગ્ય નથી. ૧૦૦ અબજ ડોલરના મહાકાય તાતા ગ્રુપમાં મહિલાઓ લીડરશીપનીભૂમિકામાં મહત્વનું કામ કરી શકે છે. તાતા ગ્લોબલ બેવરેજ લિમિટેડ (ટીજીબીએલ)ના ચેરમેન તરીકે શેરધારકો સાથે તેમની પ્રથમ વાતચીતમાં મિસ્ત્રીએ કહ્યુ હતુકે વિશ્વભરમાં આ કંપનીનો કુશળ મહિલાઓ હિસ્સો બને તે જરૂરી છે. તેમણે એમપણ કહ્યુ હતુ કે તેઓ મહત્વની ભૂમિકામાં મહિલાઓને જોઈ રહ્યા છે. આવનાર વર્ષોમાં લીડરશીપની સ્થિતિમાં મહિલાઓ પણ હોવી જોઈએ કારણ કે અમારી કંપનીઓ ઝડપથી વિકાસ કરી રહી છે. સમૃદ્ધ બની રહી છે. સાયરસ મિસ્ત્રીએ એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો કે નવી નવી પહેલથી આવનાર સમયમાં અન્ય તાતા કંપનીઓમાં પણ વધારે વિકાસ થશે. વર્ષ ૨૦૧૨-૧૩ માટે ટીજીબીએલના વાર્ષિક અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે.

ગયા વર્ષે નિવૃત્ત થયેલા રતન તાતા બાદ આ ગ્રુપના ચેરમેન તરીકેની જવાબાદરી સંભાળી ચુકેલા મિસ્ત્રીએ કહ્યુ હતુ કે જ્યારે મહિલાઓ નોકરીની જગ્યાએ પ્રતિનિધિત્વ કરે છે ત્યારે ચિત્ર બદલાઈ જાય છે. મહિલાઓની ભૂમિકા વધુ મજબુત બને તેવી વાત તેમણે કરી હતી. મહિલાઓ દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાઓના મહત્વની વાત કરતા તેમણે કહ્યુ હતુ કે મહિલાઓ નોકરીની જગ્યાઓએ હવે અતિ મહત્વી ભૂમિકા અદા કરી રહી છે. તેઓ મેનેજમેન્ટની સ્ટાઈલમાં ફેરફાર લાવી રહી છે. મિસ્ત્રીએ મહિલા વર્કફોર્સને ટેકો આપવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો સાથે સાથે ટેલેન્ટને જાળવી રાખવાની જરૂરિયાતની પણ વાત કરી હતી. તાતા ગ્રુપમાં ઘણી મહિલાઓ ટોચના હોદ્દાઓ પર કામ કરી રહી છે જે લીડરશીપમાં દાખલા બેસાડી ચુકી છે. દાખલા તરીકે તાતા સ્ટાર બક લિમિટેડના સીઈઓ અવની ટીજીબીએલ છત્ર હેઠળ તાતા ગ્રુપના સૌથી નાની વયના સીઈઓ છે.

## ભાજપનાં કાર્યકર્તાઓ દ્વારા ઝારખંડનાં રાજ્યપાલનો સામાજિક બહિષ્કાર થશે

ધનબાદ,તા. ૨૪

ભાજપે આજે ઝારખંડનાં રાજ્યપાલ સૈયદ અહમદને ધમકી આપી છે કે તેમણે ૧૩મી જુલાઈ સુધીમાં ઝારખંડ વિધાનસભા ભંગની ભલામણ કરશે નહીં તો તેમનો સામાજિક બહિષ્કાર કરવામાં આવશે તેમજ રાજભવનની વિજળી, પાણી સહિતની સેવાઓ કાપી નાંખવામાં આવશે. ભાજપનાં પ્રદેશ અધ્યક્ષ રવિન્દ્ર રાયે પાર્ટી પ્રદેશની બે દિવસની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પાર્ટીએ નિર્ણય લીધો છે કે જો રાજ્યપાલ ૧૩મી જુલાઈ પહેલાં વિધાનસભા ભંગ કરવાની રાષ્ટ્રપતિને ભલામણ નહીં કરે તો ૧૪મી જુલાઈથી રાજભવન ઘેરાવનો કાર્યક્રમ આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઘેરાવ દરમિયાન રાજભવનથી રાજ્યપાલને બહાર નીકળવા દેવામાં આવશે નહીં. પાર્ટી કાર્યકર્તાઓનો રાજભવનની વિજળી અને પાણી સેવાઓ કાપી નાંખશે. ૧૮મી જુલાઈ બાદથી રાજ્યપાલનો સામાજિક બહિષ્કાર કરવામાં આવશે. ૧૮ જુલાઈએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનને છ મહિના પૂરા થઈ રહ્યા છે.

## સલમાન વિરુદ્ધ બિન ઈરાદે હત્યા મામલે ખટલો ચાલશે

મુંબઈ,તા. ૨૪

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાનખાનની મુશ્કેલી પણ વધી ગઈ છે કારણ કે મુંબઈની અદાલતે વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં સલમાન ખાનની અરજીને ફગાવી દીધી છે અને આ કેસમાં બિન ઇરાદે હત્યા માં સલમાન સામે ખટલો ચલાવવાનો આદેશ કરયો છે. બિનઈરાદે હત્યાના મામલામાં સલમાન સામે ખટલો ચલાવવામાં આવ્યા બાદ તેને ઘણી કાયદાકીય અડચણો નડી શકે છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે જો દોષિત જાહેર થાય તો તેને આકરી જેલની સજા થઈ શકે છે. સલમાન ખાનની અરજીને ફગાવતા મુંબઈ સેશન્સ કોર્ટે તેમની સમક્ષ ઉપસ્થિત થવા સલમાન ખાનને એક મહિનાના સમય આપ્યો છે. સલમાન ખાને મેજિસ્ટ્રેટના કોર્ટના આદેશને પડકાર ફેંક્યો હતો જેમાં જણાવાયુ હતુ કે અભિનેતા સામે ઘણા પુરાવા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે વહેલી સવારે ઉપનગરીય બાંદ્રામાં એક બેકરીની બહાર સલમાન ખાનની લેન્ડ ક્રુઝર ગાડી ઘૂસી ગઈ હતી જેમાં એક વ્યક્તિનું મોત થયુ હતુ અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. આ લોકો ઉંઘી રહ્યા હતા ત્યારે સલમાન ખાનની ગાડી ઘૂસી ગઈ હતી. સલમાન સામે આઈપીસીની કલમ ૩૦૪ ભાગ બે હેઠળ ખટલો ચલાવવામાં આવશે. કોર્ટે સલમાનને હાલ મહેતલ આપી છે. સલમાન ખાને આ કેસમાં રી-ટ્રાયલનો આદેશ આપવાના મેજિસ્ટ્રેટના આદેશ સામે પડકાર ફેંક્યો હતો. મે મહિનાની શરૂઆતમાં આ કેસમાં દલીલો પૂરી થઈ હતી. સલમાના વકીલે એવી રજુઆત કરી હતી કે નીચલી કોર્ટનો આદેશ ખામી ભરેલો છે. અગાઉ ખાન સામે આઈપીસીની કલમ ૩૦૪-એની ઓછી કઠોર કલમ હેઠળ ખટલો ચલાવવામાં આવ્યો હતો જો કે મેટ્રો પોલીટન મેજિસ્ટ્રેટે ૧૭ સાક્ષીઓની ચકાસણી કર્યા બાદ વધુ કઠોર કલમો લાગુ કરી હતી. ૧૦મી જૂનના દિવસે અપીલ પર સુનાવણી કરવાનો નિર્ણય કરાયો હતો ત્યાબાદ આ કેસની સુનાવણી આજ સુધી મોકુફ કરાઈ હતી.

## એલઆઈસી મૂડીરોકાણકારના હિતોને જાળવી રાખવા માટે પૂર્ણ સજ્જ

નવી દિલ્હી,તા. ૨૪

દેશની સૌથી મોટી જીવન વીમા કંપની એલઆઈસીના મૂડીરોકાણકારો માટે ખૂબ સારા સમાચાર છે. કારણ કે એલઆઈસીએ તેના રોકાણકારોના નાણાં વધુ સુરક્ષિત રહે તે માટે પગલાં લેવા માટે સરકારને અપિલ કરી છે. સરકાર પણ એલઆઈસીની માંગણી તરફ ધ્યાન આપી રહી છે. એલઆઈસીએ મૂડીરોકાણકારોની રકમની સુરક્ષાની ખાતરી કરવા જે કંપનીઓમાં તેની મોટી હિસ્સેદારી છે તે કંપનીઓમાં જો જરૂર પડશે તો વધુ બોર્ડ બેઠકો ઉમેરવાની રજૂઆત કરશે. એનલાઈસી ઘણી બધી કંપનીઓમાં મોટી હિસ્સેદારી ધરાવે છે. એલઆઈસી જેમાં મોટી હિસ્સેદારી ધરાવે છે તે અંગે સરકાર દ્વારા પણ વિચારણા કરવામાં આવી રહી છે. સંચાલનના ઉચ્ચા ધારાધોરણો જાળવી રાખવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત મૂડીરોકાણ અને ધારાધોરણોના જતન માટે એલઆઈસી દ્વારા પણ ખાતરી કરાઈ રહી છે. ફાઈનાસિયલ સર્વિસ અને અન્ય બાબતો દ્વારા પણ નજર રાખવામાં આવી રહી છે.

## સેન્સેક્સ ૨૩૩ પોઈન્ટ ઘટીને ૧૮૫૪૧ની નીચી સપાટી પર

મુંબઈ,તા. ૨૪

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. યુએસ ફેડરલ દ્વારા તેના નાણાંકીય સ્ટીમ્યુલસમાં તબક્કાવારરીતે કાપ મૂકવાના નિર્ણય બાદ વિદેશી ફંડ દ્વારા પ્રવાહમાં નવી ચિંતા ઉભી થઈ ગઈ છે જેના પરિણામસ્વરૂપે શેરબજારમાં ભારે અફડાતફડી જોવા મળી રહી છે. કારોબારના અંતે સેન્સેક્સ ૨૩૩ પોઈન્ટ ઘટીને ૧૮૫૪૧ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૭૭ પોઈન્ટ ઘટીને ૫૫૯૦ની સપાટીએ રહ્યો હતો. એનએસઈ બેંચમાર્કે ૧૯મી એપ્રિલ ૨૦૧૩ બાદથી પ્રથમ વખત ૫૬૦૦ની સપાટી તોડી હતી. શેરબજારમાં અફડાતફડી માટે ઘણા કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. વિદેશીય સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ૧૭૬૯ કરોડની કિંમતના શેર વેચી લીધા છે. બીએસઈ ઉપર આંકડા જારી કરવામાં આવી ચુક્યા છે. બ્રોડર માર્કેટમાં પણ અફડાતફડી જોવા મળી રહી છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૨.૫ ટકાનો ઘટાડો થતા તેની સપાટી ૫૮૮૩ નોંધાઈ હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં બે ટકાનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૫૫૯૩ નોંધાઈ હતી.એશિયન બજારમાં પણ ભારે અફડાતફડી રહી હતી. તમામ સેક્ટરલ ઈન્ડેક્સ આજે નકારાત્મક ઝોનમાં રહ્યા હતા. રિયાલિટી ઈન્ડેક્સે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૪.૭ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૪૩૮ નોંધાઈ હતી. કન્ઝ્યુમર ડ્યુરેબલ અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં ૨-૩ ટકાનો દરેકમાં ઘટાડો રહ્યો હતો. પીએસયુ અને એફએમસીજીમાં પણ ઘટાડો રહ્યો હતો. ઓઈલ સંશોધન કંપનીઓના શેરમાં પણ તીવ્ર ઘટાડો રહ્યો હતો કારણ કે ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો રહ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ શુક્રવારના દિવસે ૨૧મી જૂનના દિવસે હોમ લોન અને નિવાસીય હાઉસીંગ પ્રોજેક્ટો પર રિસ્ક વેટેજમાં ઘટાડો કર્યો હતો. સ્ટરલાઈટ ઈન્ડિયાના શેરમાં ચાર ટકાનો ઘટાડો રહ્યો હતો આની સાથે જ તેના શેરની કિંમત ૭૭.૪૫ નોંધાઈ હતી. ભેલના શેરમાં ત્રણ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૫૫ સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યો હતો. ઓએનજીસી, લાર્સન એન્ડ ટુબ્રો, આઈટીસીમાં ૨-૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીજી બાજુ જિંદાલ સ્ટીલના શેરમાં સુધારો રહ્યો હતો. તેમાં ૧.૪ ટકાનો સુધારો રહ્યો હતો. હિન્ડાલ્કો, તાતા પાવરમાં ૦.૬ ટકા જેટલો સુધારો નોંધાયો હતો. ઓટો ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ ખૂબ નબળી રહી હતી. ૨૪૦૦ શેરમાં કારોબાર થયો હતો જેપૈકી ૧૬૩૫ શેર મંદીમાં અને ૬૫૧ શેર તેજીમાં રહ્યા હતા.